E-JOURNAL (HISTORY) SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# સ્વતંત્રતા આંદોલન અને 'નવજીવન' સામયિક

**અલકાબેન રમણીકલાલ રાઠોડ,** પીએચ.ડી. ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિધ્યાપીઠ,
અમદાવાદ Email : alka.makwana.2009@gmail.com

***ABSTRACT :***

*પ્રાચીન સમયથી સામયિકો અને વર્તમાનપત્ર નું ઘણું મહત્વ રહેલું છે. ભારતના સ્વતંત્રતા આંદોલન દરમિયાન ઝડપથી વિવિધ સંદેશાઓ, પ્રવચનો અને પ્રેરણાદાયી લેખો લોકો સુધી પહોંચાડવા 'નવજીવન' સામયિક નો બહુમૂલ્ય ફાળો રહેલો છે. નવજીવનના માધ્યમથી લોકોમાં સ્વરાજ મેળવવાની ઝંખના તીવ્ર બનવા લાગી. લોકોમાં નવા પ્રાણ અને નવીચેતના નો સંચાર થયો.નવજીવનના પ્રેરણાદાયી લખાણ દ્વારા લોકોમાં સ્વરાજ મેળવવાનો આત્મવિશ્વાસ વધતો ગયો. અસહકાર આંદોલન, બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ અને સવિનય કાનૂનભંગની ચળવળને નવી જ દિશા આપવાનો અને વેગવંતી બનાવવાનો શ્રેય નવજીવનને જાય છે. નવજીવનના માધ્યમથી લોકોમાં જાગૃતિ આવી તેમજ સ્વદેશી ધર્મ માટે લોકો પ્રેરિત થયા નવજીવન દ્વારા લોકોને આંદોલન વિશે સતત માર્ગદર્શન અને દોરવણી મળતા રહ્યા. સ્વતંત્રતા આંદોલનના સમયમાં નવજીવનમાં જે તે સમયની જરૂરિયાત મુજબનું લખાણ લખવામાં આવતુ હતુ. તે લોકોને ખૂબ ઉપયોગી બનતું.*

***Key words:*** *નવજીવન, સ્વતંત્રતા આંદોલન ,સ્વરાજ*

પ્રસ્તાવના:

ભારતના ઇતિહાસમાં બ્રિટિશ શાસનનો અંત લાવવા અને પૂર્ણ સ્વરાજ્ય મેળવવા માટે જે સ્વાતંત્ર્ય સંગ્રામો થયા તે મહત્વના છે. ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ ઇ.સ.1857 થી શરૂ થયો અને ઇ.સ. 1947 માં સ્વતંત્રતાની પ્રાપ્તિ સાથે પૂર્ણ થયો. આમ, કુલ 90 વર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઇ.સ.1915 માં ગાંધીજીનું આગમન ભારતમાં થયું ત્યાર પછી ઇ.સ. 1920 થી ઇ.સ. 1947 ના ગાંધીયુગના સ્વાતંત્ર્ય સંગ્રામો સત્ય અને અહિંસાના પાયા પર રચાયા હતા. એ સમયે લોકોમાં રાજકીય જાગૃતિ ફેલાવવા અને રાષ્ટ્રભાવના ઉજાગર કરવા માટે ઘણા સાામયિકો અને સમાચાર પત્રોનું મહત્વનું પ્રદાન છે. વિવિધ સામયિકો અને સમાચાર પત્રોના પ્રેરણાદાયી લખાણોના માધ્યમથી પ્રજામાં રાષ્ટ્રવાદી વિચારધારાનો ઝડપથી પ્રસાર થઈ શક્યો હતો . સ્વતંત્રતાની ચળવળોને નવજીવન સામયિકના પ્રેરણાદાયી લખાણો દ્વારા વેગ મળતો હતો. નવજીવન સામાયિકે લોકોમાં જીવનની નવી જ દ્રષ્ટિ, નવી જ ચેતનાનો સંચાર કર્યો હતો.

પ્રારંભ:

ઈન્દુલાલ યાજ્ઞિક 'નવજીવન અને સત્ય' નામના માસિકના તંત્રી હતા. તે 7 સપ્ટેમ્બર 1919 થી ગાંધીજીના તંત્રીપણા હેઠળ 'નવજીવન' નામથી સાપ્તાહિક રૂપે અમદાવાદથી પ્રસિદ્ધ થવા લાગ્યું.

ઉદ્દેશ્ય:

ગાંધીજીનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતી વર્તમાન પત્ર દ્વારા હિન્દના લોકોની સેવા કરવાનો હતો. નવજીવનના માધ્યમ દ્વારા ગાંધીજી લોકોમાં સત્ય,અહિંસા, સ્વરાજ અને સ્વદેશીનો પ્રચાર ઈચ્છતા હતા. ગાંધીજી પોતાના વિચારો લોકો સુધી પહોંચાડીને રાષ્ટ્રીય અને રાજકીય જાગૃતિ લાવવા ઈચ્છતા હતા.

લવાજમ:

નવજીવન સાપ્તાહિક શરૂ થયું એ સમયે વાર્ષિક લવાજમ રૂ.3-8-0 અને હિન્દુસ્તાન બહાર રૂ.6-0-0 હતું.છૂટક નકલનો એક આનો હતો. માર્ચ- 1920માં મુંબઈ અને અમદાવાદમાં તેની કિંમત સવા આનો અને અન્ય સ્થળોએ એક આનો હતી ,જ્યારે વાર્ષિક લવાજમ રૂ.4-0-0 અને હિન્દુસ્તાન બહાર રૂ. 7-0-0 રખાયું હતું. આ કિંમત 1924 સુધી યથાવત રહી. ત્યારબાદ એપ્રિલ- 1924 થી નવજીવનના ગ્રાહકો પાસેથી ડિપોઝિટ તરીકે રૂ. 2 લેવાતા હતા.

વ્યાપ:

"નવજીવન નું તંત્રીપદ ગાંધીજીએ સંભાળતા જ અઢી હજાર જેટલા નવા ઘરાકો નોંધાયા. પહેલા જ અંક થી નવજીવનની પાંચ હજાર નકલો છાપવી પડી.બીજા અને ત્રીજા અંકથી 6000 નકલો પણ ઓછી પડી."[1] નવજીવનને તેના પહેલા જ અંક થી અસાધારણ સહકાર મળ્યો. નવજીવન પ્રજામાં ખૂબ લોકપ્રિય બન્યું. ગાંધીજીના પ્રેરણાદાયી લેખો તે સમયની રાજકીય, સામાજિક,આર્થિક બાબતોથી પ્રજાજનોને વાકેફ કરતા હતા. વર્તમાન સમયમાં પણ નવજીવન સામયિક ની e-copies gandhi heritage portal પર સરળતાથી ઉપલબ્ધ છે .તેનો ઉપયોગ કરી લોકો સરળતાથી માહિતી પ્રાપ્ત કરી શકે છે.

મુદ્રણશૈલી અને ભાષા:

"નવજીવન સાપ્તાહિક નું બાહ્ય સ્વરૂપ શરૂઆતમાં હતું તેવું જ અંત સુધી રહ્યું હતું. શરૂઆતથી જ ફુલસ્કેપ સાઈઝના કાગળમાં છાપવામાં આવતું હતું. તેમાં દરેક પેજનું લખાણ બે ભાગમાં વહેંચાયેલું હતું."[2] શરૂઆતના વર્ષોમાં નવજીવનમાં અનુક્રમણિકા દરેક અંકમાં આપવામાં આવતી હતી પછીથી આ અનુક્રમણિકા નવજીવનના વર્ષના અંતે અપાતી હતી. સામાન્ય માણસને ધ્યાનમાં રાખીને નવજીવનમાં સરળ ભાષા શૈલીમાં લખાણ લખવામાં આવતું હતું.નવજીવનમાં જાહેર ખબર આપવામાં આવતી ન હતી.

સ્વતંત્રતા આંદોલન:

1 ઓગસ્ટ 1920 ના રોજ અસહકાર આંદોલનની શરૂઆત થઈ ત્યારે લોકોમાં જાગૃતિ ફેલાવવા તથા નવચેતનાનો સંચાર કરવા માટે નવજીવન સામયિક નું ઘણું મોટું યોગદાન રહેલું છે. અસહકાર આંદોલન દરમિયાન" ગાંધીજી' નવજીવન' અને' યંગ ઇન્ડિયા' દ્વારા તેમજ પોતાના ભાષણોના માધ્યમથી પ્રજાને પ્રેરણા

આપતા રહ્યા. આ સમયમાં શ્રી મહાદેવભાઇ દેસાઈએ ગાંધીજીના વિચારો તથા પ્રવૃત્તિઓનું બયાન તેમના સુવિખ્યાત સાપ્તાહિક પત્રો દ્વારા' નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'માં આપવાનું શરૂ કર્યું."[3] આમ, નવજીવન સાપ્તાહિકમાં ગાંધીજીના પ્રેરણાદાયી લેખો વાંચવા લોકો તેની આતુરતાથી રાહ જોતા હતા. દેશભરમાં ચાલતા અસહકાર આંદોલનના સમાચાર અને ગાંધીજીના સંદેશા ખુબ ઝડપથી લોકોમાં પ્રસરી જતા હતા.

2 ડિસેમ્બર 1923 ના દિવસે બોરસદ સત્યાગ્રહનો પ્રારંભ થયો. "બોરસદ તાલુકાના 88 અને આણંદ તાલુકાના 14 ગામડા ઉપર કુલ ₹2,40,074 રૂપિયાનો દંડ આકારી આખા તાલુકાના બધા ગામમાં વધારાની પોલીસ મૂકવાનો નિર્ણય જાહેર કર્યો. આ વેરો પ્રજા માટે દાઝયા ઉપર ડામ જેવો હતો."[4] બોરસદ અને આણંદ તાલુકાની નિર્દોષ પ્રજા ઉપર અઢી લાખ રૂપિયા જેટલી ભારે રકમના દંડની સામે તે ગામોના લોકોએ સત્યાગ્રહ કરવાનો નિશ્ચય કર્યો. આ સો ગામમાં બહારથી બોલાવેલી જે વધારાની પોલીસ મૂકવામાં આવી તેમાંથી કેટલાક પોલીસે લોકો ઉપર અનેક પ્રકારના અત્યાચારો શરૂ કર્યા. બહારવટિયા ના ત્રાસથી કચડાયેલી પ્રજા પોલીસના ત્રાસમાં સપડાઇ છે .ગામડામાં પોલીસના અત્યારચાર સામે થવાની પ્રજામાં તાકાત નથી. તલાટીઓને તાકીદે જપ્તી કરી દેવાના હુકમો મળ્યા. જલદીથી વસૂલ કરનારને પાઘડીની લાલચો આપવામાં આવી. દુષ્કાળનું જ વર્ષ હોવાથી લોકોને બેવડો માર પડ્યો. આ દુઃખી સ્થિતિમાં લોકોની પડખે ઊભા રહેવાની અને તેમના દુઃખમાં ભાગ લેવાની જરૂર છે. ગુજરાતના નવજવાનોને પ્રજાની સેવા કરવાની આ તક
મળી છે. દરબાર શ્રી ગોપાલદાસભાઇ બોરસદમાં સત્યાગ્રહની છાવણી નાખીને પડ્યા છે. જે સૈનિકો બોરસદ તાલુકામાં કામ કરવા ઈચ્છતા હોય તેમણે પ્રાંતિક સમિતિના મંત્રીને તાકીદે પોતાની અરજી મોકલી આપવી. આ લડતમાં નાણાની જરૂર પણ પડશે. બોરસદ સત્યાગ્રહની લડતમાં જરૂરી નાણાં ગુજરાત જ પૂરા પાડશે એવી મને આશા છે. જે ભાઈઓ મદદ કરવાની ઈચ્છા હોય તેમણે પોતાનો ફાળો મોકલી આપવો.- વલ્લભભાઈ પટેલ.[5]

ઇ.સ. 1928માં અંગ્રેજ સરકારે સુરત જિલ્લાના બારડોલી તાલુકાના જમીન મહેસુલમાં 22% નો વધારો કર્યો.આ મહેસુલ વધારો અન્યાય હતો. તેથી ખેડૂતોએ મહેસુલ વધારો મોકૂફ રાખવા સરકાર સમક્ષ રજૂઆત કરી ,પરંતુ સરકારે તેનો જવાબ આપ્યો નહીં તેથી બારડોલી તાલુકાના ખેડૂતોએ સરદાર વલ્લભભાઈ પટેલ ના નેતૃત્વ નીચે સત્યાગ્રહ કર્યો. બારડોલી સત્યાગ્રહ એ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં બનેલી એક મહત્વપૂર્ણ ઘટના છે.વલ્લભભાઈએ 12- ફેબ્રુઆરી -1928 થી સત્યાગ્રહની આગેવાની લીધી.બારડોલી ની લડત જામતી જાય છે. નવજીવનના પ્રેરણાદાયી લખાણો અને લડત અંગેના સંદેશા ખૂબ ઝડપથી લોકો સુધી પહોંચવા લાગ્યા. "વલ્લભભાઈએ એકવાર નહીં પણ અનેકવાર ચેતવણી આપે છે કે સરકારે જમીન ખાલસા કરવાના, જેલમાં મોકલવા વગેરેના અધિકાર કાયદા વડે લઈ રાખ્યા છે. અને એ અધિકારોનો અમલ કરતા તે મુદ્દલ અચકાય એવું નથી. એમ તેને ઘણીવાર સિદ્ધ કરી આપ્યું છે.એટલે ખાલસાની નોટિસથી તેમણે કે બીજા કોઈએ

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046 X, Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

હેબતાઈ જવાનું નથી. તેમણે વિશ્વાસ રાખવાનો છે કે ખાલસા થયેલી જમીન સરકારને નથી પચવાની કે નથી તે જમીન લીલાઉ .વેચાણમાં લેનાર કોઈ દ્રોહી નીકળી પડે તો તેની થવાની. આમ લૂંટેલી જમીન કાચો પારો છે ને તે ફૂટી નીકળ્યા વિના ન જ રહે. પોતાની આબરૂ કરતા જમીન વધારે નથી. જમીન નથી તેવા સંખ્યા મનુષ્યો આ દેશમાં પડ્યા છે.- મોહનદાસ કરમચંદ ગાંધી"[6] આમ ,નવજીવનના માધ્યમથી ગાંધીજી બારડોલીના ખેડૂતોને પ્રેરણા અને પ્રોત્સાહન આપતા હતા.

"ગાંધીજી હવે 'યંગ ઇન્ડિયા' તથા' નવજીવન' દ્વારા નજીક આવી રહેલી પૂર્ણ સ્વાતંત્ર્યની લડત માટે પ્રજાને તાલીમ અને દોરવણી આપવા લાગ્યા. તેમના પ્રેરણાદાયી અને ધગધગતા લખાણોથી દેશભરમાં અભૂતપૂર્વ ચેતન પ્રગટ્યું."[7] ગાંધીજીએ 2- ફેબ્રુઆરી- 1930 ના નવજીવનમાં 11 મુદ્દાઓની માંગણીઓ પ્રકાશિત કરી હતી."ગાંધીજીની 11 માંગણીઓ સામે અંગ્રેજી છાપા ધખધખી ઉઠ્યા હતા. આ સામે વાઇસરોયે જાહેર કર્યું કે કોઈ રાજકીય પક્ષ ગોળમેજી પરિષદમાં ભાગ લે કે ન લે તો પણ તે પરિષદ ભરવાની જ છે. 2- માર્ચ -1930 ના રોજ ગાંધીજીએ વાઇસરોય લોર્ડ ઈર્વિનને એક ઐતિહાસિક પત્ર લખ્યો. એમાં જો સહાનુભૂતિ ભર્યો જવાબ ન મળે તો 12- માર્ચ થી સત્યાગ્રહની લડતનો આરંભ કરવાનું જણાવ્યું હતું."[8] આમ 12-માર્ચ 1930 ના દિવસે સવારે 6:20કલાકે 79 સત્યાગ્રહી સાથે દાંડી યાત્રા નો પ્રારંભ થયો. સાબરમતી થી દાંડી ની 200 માઈલની યાત્રા 24 દિવસમાં પૂર્ણ કરવાની હતી." તા.- 6 એપ્રિલની સવારે ગાંધીજી તેમના સૈનિકોની ટુકડી સાથે દરિયાકિનારે ગયા, સ્નાન કર્યું અને પછી તેમને કિનારા ઉપરથી કુદરતી મીઠાની એક ચપટી ઉપાડી સવિનયભંગનો આરંભ કર્યો એટલે સૈનિકો પણ મીઠું ભેગું કરવા મંડી પડ્યા."[9] "છઠ્ઠી એપ્રિલે ગાંધીજી દ્વારા દાંડીમાં મીઠાના કાયદાનો ભંગ થતાં જ ગુજરાતને અને સમગ્ર દેશને સત્યાગ્રહ માટે લીલી ઝંડી મળી ગઈ."[10] "ગાંધીજી આ કૂચ ને સ્વરાજ્ય સિદ્ધિ માટે ધર્મયાત્રા તરીકે ઓળખાવી છે."[11] દાંડીમાં ગાંધીજીએ પ્રથમ પ્રવચનમાં કહ્યું કે," દાંડીની અંદર પ્રવેશ વિદેશી વસ્ત્ર પહેરીને કોઈપણ આવશે તો મને ગમશે નહીં.દાંડીને આપણે યાત્રાનું ધામ કે પૂર્ણ સ્વરાજનો કિલ્લો બનાવવા ઈચ્છતા હોઈએ તો બધા ખાદી પહેરીને જ આવજો. તેમ છતાં જો કોઈ વિદેશી કાપડ પહેરીને આવશે તો મારે દાંડીના નાકા ઉપર સ્વયંસેવકો બેસાડવા પડશે અને તેઓ તમને પગે લાગી ખાદી પહેરવા વિનવશે. દાંડીને હરમ અથવા પાકપવિત્ર ભૂમિ સમજી આ જગ્યાએ જૂઠું ન બોલાય, પાપ ન કરાય એવી ભાવનાથી દરેકે પ્રવેશ કરવો જોઈએ. તમે સાચા સેવક અને સેવિકાઓ થઈને આવશો અને સરકાર ગમે તેટલો ડર બતાવે તો પણ મીઠાના કાયદાનો સવિનય ભંગ કરશો અને બીજા દર્શાવેલા કામ ઉપાડી લેશો તો સપ્તાહમાં જ સ્વરાજનો કાયદો ઘડાશે. ઈશ્વરની શક્તિથી એક દિવસમાં પણ જે આપણો જન્મસિદ્ધ હક છે તે મળી શકે."[12] આમ, નવજીવનના માધ્યમ દ્વારા ગાંધીજી લોકોને સતત પ્રેરણા અને માર્ગદર્શન આપતા હતા. ગાંધીજીના લખાણો લોકોમાં જુસ્સો વધારતા હતા.

સમાપન:

ભારતમાં સ્વતંત્રતા આંદોલનની શરૂઆત થઈ ત્યારથી વર્તમાનપત્રો અને સામયિકોનું વિશિષ્ટ પ્રદાન રહેલું છે. સ્વતંત્રતા આંદોલનને વેગ આપવામાં 'નવજીવન' સામયિકનો ફાળો અમૂલ્ય છે. નવજીવનના વિવિધ પ્રેરણાદાયી લખાણો, પ્રવચનો અને સત્યાગ્રહના વિવિધ સંદેશાઓ પ્રજા સુધી ખૂબ ઝડપથી પહોંચાડી શકાતા હતા. આમ ,સ્વતંત્રતા આંદોલનને સફળ બનાવવા, લોકોમાં નવી ચેતનાનો સંચાર કરવા અને રાજકીય અને રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં નવજીવનનુ ખૂબ મોટું યોગદાન રહેલું છે.

## પાદનોંધ:

1. દેસાઈ, મણિભાઈ, 'નવજીવનની વિકાસવાર્તા' પ્રથમ આવૃત્તિ 1969, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.47
1. 2.. દેસાઈ, મણિભાઈ, 'નવજીવનની વિકાસવાર્તા' પ્રથમ આવૃત્તિ 1969,નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.47
2. દેસાઈ, મણિભાઈ, 'નવજીવનની વિકાસવાર્તા' પ્રથમ આવૃત્તિ 1969, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.76
3. પટેલ, મણિબહેન વલ્લભભાઈ, 'બોરસદ સત્યાગ્રહ ' પૃ .10
4. નવજીવન, 9 -ડિસેમ્બર -1923 મુખપૃષ્ઠ
5. 6.નવજીવન, 1- એપ્રિલ -1928 મુખપૃષ્ઠ
6. દેસાઈ, મણિભાઈ, 'નવજીવનની વિકાસવાર્તા' પ્રથમ આવૃત્તિ 1969, નવજીવન
7. પ્રકાશન, અમદાવાદ, પૃ.171
8. દેસાઈ, પ્રો. આર. કે.' સવિનય કાનૂનભંગની ચળવળ',પ્રથમ આવૃત્તિ 1988, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ -અમદાવાદ ,પૃ.17
9. નવજીવન, 13- એપ્રિલ -1930 પૃ.303
10. દેસાઈ, પ્રો. આર. કે.' સવિનય કાનૂનભંગની ચળવળ',પ્રથમ આવૃત્તિ 1988, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ -અમદાવાદ ,પૃ.32
11. નવજીવન, 13- એપ્રિલ -1930 પૃ.305
12. નવજીવન, 13- એપ્રિલ -1930 પૃ.309
13. https://www.gandhiheritageportal.org/